# મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા ટ્રાયબલ સબ-પ્લાન અંતર્ગત ખેડૂત તાલીમ અને ફિલ્ડ વિઝીટ

પંચમહાલ જીલ્લાનો મુખ્ય પાક મકાઇ હોવાથી વધુ ઉત્પાદન માટે મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા ટ્રાયબલ સબ-પ્લાન અંતર્ગત તા.૧૩/૦૮/૨૦૨૧ ના રોજ ગામ:- લીંબોદ્રા, તાલુકા:- શહેરા, જિલ્લો:- પંચમહાલ ખાતે ખેડૂત તાલીમ/શિબિરનું આયોજન કરવામાં આવેલ હતું.

ખેડૂતોને મકાઈની આધુનિક તાંત્રિકતાઓથી વાકેફ કરવા એ ખુબ જ અગત્યનું હોઈ આ અંગેની તાલીમ આપવા માટે ખેડૂત શિબિરનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૪૭ જેટલા ખેડૂત-મિત્રોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો. આ તાલીમ કાર્યક્રમમાં અત્રેના કેન્દ્રના શ્રી. કે.એચ.પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રો) દ્વારા મકાઈની નફાકારક અને વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ અંગેના ચાવીરૂપ મુદ્દાઓ અંગે તેમજ ખેડૂતની આવક બમણી કરવા અંગે  વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી.

શ્રી વી.જે.પટેલ, સિનિયર રિસર્ચ આસીસ્ટન્ટ એ મકાઈની મુલ્ય વર્ધિત તથા સંયોજિત અને સંકર જાતોની માહિતી આપી તેમજ મકાઈમાં બીજ ઉત્પાદન અંગે ખેડૂત-મિત્રોને માહિતગાર કરેલ હતા.

શ્રી. ડી.એમ.રાઠોડ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (વિસ્તરણ) દ્વારા મકાઈમાં આવતી નવીન જીવાત લશ્કરી ઇયળની (પૂંછડે ચાર ટપકાવાળી) ઓળખ અને તેના સંકલિત નિયંત્રણ અંગે તેમજ મકાઈ પાકમાં જૈવિક ખાતરનું મહત્વ તથા બાયોફર્ટીલાઈઝરનો ઉપયોગ કરી રસાયણિક ખાતરનો વપરાશ ઓછો કરીને ખેતી ખર્ચ ઘટાડવા માટે અનુરોધ કર્યો હતો

કાર્યક્રમના અંતે ખેડૂત-મિત્રોના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવેલ હતું તેમજ ફિલ્ડ વિઝીટ કરવામાં આવેલ હતી.





**ખેડૂત તાલીમ અને ફિલ્ડ વિઝીટ :- ગામ:- લીંબોદ્રા, તાલુકા:- શહેરા, જિલ્લો:- પંચમહાલ**